# તે દલીલો કઇ છે, જે સર્જકના અસ્તિત્વને સાબિત કરે છે?

એક સર્જક પર ઈમાન એ વાતને સાબિત કરે છે કે કોઈ પણ વસ્તુ કારણ વગર જાહેર નથી થતી, ઉલ્લેખનીય નથી કે વિશાળ વસવાટ કરેલું ભૌતિક બ્રહ્માંડ અને તેમાં રહેલા જીવો અમૂર્ત ચેતના ધરાવે છે અને ગણિતના અમૂર્ત નિયમોનું પાલન કરે છે. મર્યાદિત ભૌતિક બ્રહ્માંડના અસ્તિત્વને સમજાવવા માટે, આપણને એક સ્વતંત્ર સ્ત્રોતની જરૂર છે, અભૌતિક અને શાશ્વત.

બ્રહ્માંડનું સર્જન એક સંયોગ નથી કારણ કે સંયોગ એ પ્રાથમિક કારણ નથી, પરંતુ એક ગૌણ પરિણામ છે, જે અન્ય પરિબળો (સમય, અવકાશ, પદાર્થ અને ઊર્જાનું અસ્તિત્વ) ની ઉપલબ્ધતા પર આધાર રાખે છે. "સંયોગ" શબ્દનો ઉપયોગ કંઈપણ વસ્તુની સ્પષ્ટતા માટે થઈ શકતો નથી કારણ કે તે કંઈ જ નથી.

ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિ તેના રૂમમાં પ્રવેશ કરે અને તેને બારીનો કાચ તૂટેલો જોવા મળે, તો તે તેના પરિવારને પૂછશે કે કોણે બારીનો કાચ તોડયો, તો તેના પરિવારના સભ્યો તેને જવાબ આપશે: તે એક સંયોગ દ્વારા તૂટી ગયો છે. અહી આ જવાબ ખોટો છે, કારણ કે તેણે બારી કેવી રીતે તોડી તે નથી પૂછ્યું, પરંતુ તેણે પૂછ્યું કે બારી કોણે તોડી. સંયોગ એ ક્રિયાપદનું ગુણ છે, તે પોતે કર્તા નથી. સાચો જવાબ એ છે કે તેઓ કહે: ફલાણા વ્યક્તિએ તે કાચ તોડ્યો છે, પછી તેઓ સૂચવી શકે છે કે જેણે તેને તોડ્યું તે આકસ્મિક અથવા ઇરાદાપૂર્વક તોડ્યું છે. આ જ નિયમ બ્રહ્માંડ અને સર્જનીઓને લાગુ પડે છે.

અમે સવાલ કર્યો કે સૃષ્ટિ અને સર્જનીઓને કોણે બનાવ્યા? તો કેટલાકે અમને જવાબ આપ્યો કે તે તો ફક્ત એક સંયોગ છે, તો અહીયા તેમનો જવાબ ખોટો છે, કારણ કે આપણે સૃષ્ટિ કેવી રીતે અસ્તિત્વમાં આવી તે પૂછ્યું નથી, પરંતુ આપણે પૂછ્યું છે કે સૃષ્ટિ કોણે બનાવી. એટલા માટે સંયોગ ન તો કર્તા છે અને ન તો બ્રહ્માંડનો સર્જક છે.

અહીયા એક સવાલ થાય છે કે શું સુષ્ટિના સર્જકે આ સુષ્ટિને ફક્ત સંયોગ દ્વારા બનાવી છે અથવા તો કોઈ હેતુ માટે બનાવી છે? જો કે, ક્રિયા અને તેના પરિણામો આપણને જવાબ આપે છે.

તેથી જો આપણે બારીના ઉદાહરણ તરફ પાછા જઈએ, અને ધારો કે કોઈ વ્યક્તિ તેના રૂમમાં પ્રવેશે છે અને બારીનો કાચ તૂટેલો જોવા મળે છે, અને તે તેના પરિવારને પૂછે છે કે કોણે કાચ તોડ્યો છે, તો તેઓ તેને જવાબ આપે છે: ફલાણા વ્યક્તિએ સંયોગથી તોડ્યો છે, અહી જવાબ સ્વીકાર્ય અને વાજબી ગણાશે, કારણ કે કાચ તોડવો એ એક અવ્યવસ્થિત બાબત છે જે સંયોગ દ્વારા થઈ શકે છે પરંતુ જો તે જ વ્યક્તિ બીજા દિવસે તેના રૂમમાં પ્રવેશ્યો અને જોયું કે બારીના કાચનું સમારકામ કરવામાં આવ્યું છે અને તે જ રીતે બની ગઈ જે રીતે પહેલા હતું, અને તેણે તેના પરિવારને પૂછ્યું: બારીનો કાચ પહેલાની જેમ મૂળ સ્થિતિમાં કોણે કર્યો?તેઓએ તેને જવાબ આપે

કે આકસ્મિક રીતે સંયોગ બની ગયો, તો આ જવાબ અહીયા અસ્વીકાર્ય ગણાશે, તેના બદલે, તે તર્કસંગત રીતે અશક્ય છે, કારણ કે કાચનું સમારકામ કરવું એ સામાન્ય કાર્ય નથી. તેના બદલે, તે એક સંગઠિત પ્રક્રિયા છે અને કાયદા દ્વારા સંચાલિત થાય છે, જેવી રીતે કે સૌપ્રથમ, ક્ષતિગ્રસ્ત કાચને દૂર કરવો, બારીની ફ્રેમને સાફ કરવુ પડે, પછી ફ્રેમ માટે યોગ્ય કદના નવા કાચને કાપવા પડે, પછી ફ્રેમમાં કાચ સ્થાપિત કરવા માટે રબર સામગ્રીની જરૂર પડે, ત્યારબાદ ફ્રેમને તેની જગ્યાએ ઠીક કરવામાં આવે છે, અને આ બધી ક્રિયાઓ સંયોગ દ્વારા થઈ શકતી નથી, પરંતુ હેતુપૂર્વક કરવામાં આવે છે. અને તર્કસંગત નિયમ કહે છે: જો ક્રિયા અવ્યવસ્થિત હોય અને સિસ્ટમને આધીન ન હોય, તો તે એક સાંયોગિક ઘટના હોઈ શકે છે, સંગઠિત પરસ્પર જોડાયેલ ક્રિયા અને સિસ્ટમથી પરિણમેલી ક્રિયા માટે, તે સંયોગ દ્વારા થઈ શકતું નથી, પરંતુ તે ઇરાદાપૂર્વક થયું.

અને જો આપણે સૃષ્ટિ અને જીવો પર નજર કરીએ, તો આપણે જોઈશું કે તે દરેક એક જબરદસ્ત સિસ્ટમ દ્વારા બનાવવામાં આવ્યા છે, જેવી રીતે તેઓ કાર્યરત છે અને તે ચોક્કસ તેમજ ઠોસ કાયદાઓને આધીન છે, તેથી અમે કહીએ છીએ: સૃષ્ટિ અને જીવો માટે તે તાર્કિક રીતે આવવું, અશક્ય છે, ફક્ત સંયોગ નથી, તેના બદલે તેઓ હેતુસર બનાવવામાં આવ્યા છે. આ રીતે, સૃષ્ટિની રચના તે મુદ્દામાંથી સંયોગ નિશ્ચિતપણે દૂર થાય છે [૧૦]. નાસ્તિકતા અને અધર્મની ટીકા કરવા માટે ઠોસ ચેનલ. https://www.youtube.com/watch?v=HHASgETgqxI

સર્જકના અસ્તિત્વના પુરાવાઓમાં આ પણ છે:

૧- સર્જન અને અસ્તિત્વ માટેની દલીલ:

અર્થાત્ કોઈ વસ્તું દ્વારા સૃષ્ટિનું સર્જન થવું તે ઇલાહના અસ્તિત્વનો પુરાવો આપે છે.

આકાશો અને ધરતીના સર્જનમાં અને રાત-દિવસના હેરફેરમાં, ખરેખર બુદ્ધીશાળી લોકો માટે નિશાની છે. [૧૧] (આલિ ઇમરાન : ૧૯૦).

૨- ખાસ પુરાવો:

જો આપણે કહીએ કે દરેક વસ્તુનો એક સ્ત્રોત છે, અને આ સ્ત્રોતનો પણ એક સ્ત્રોત છે, અને જો આ ક્રમ કાયમ ચાલુ રહેશે, તો તે તાર્કિક છે કે આપણે શરૂઆત અથવા અંત સુધી પહોંચી શકીશું. આપણે એવા સ્ત્રોત સુધી પહોંચવું જોઈએ કે જેનો કોઈ સ્ત્રોત ન હોય, અને આને આપણે "પ્રાથમિક મૂળ કારણ" કહીએ છીએ અને તે પ્રાથમિક ઘટનાથી અલગ છે. ઉદાહરણ તરીકે, જો આપણે ધારીએ કે બિગ બેંગ (એક પ્રકારની માન્યતા કે ભ્રમાંડ વગર કોઈ કારણે સંયોગ દ્વારાબન્યું) એ પ્રાથમિક ઘટના છે, તો સર્જક એ પ્રાથમિક કારણ છે જેના કારણે આ ઘટના બની.

૩- નિપુણતા અને સિસ્ટમનો પુરાવો:

તેનો અર્થ એ છે કે સૃષ્ટિ અને તેના નિયમોના નિર્માણની સચોટતા સર્જક ઇલાહનું અસ્તિત્વ સૂચવે છે.

જેણે મૃત્યુ અને જીવન એટલા માટે પેદા કર્યુ કે તમારી કસોટી કરે, કે તમારા માંથી કોણ સારા કાર્યો કરે છે. અને તે પ્રભુત્વશાળી અને માફ કરવાવાળો છે. [૧૨] (અલ્ મુલ્ક : ૩).

નિ:શંક અમે દરેક વસ્તુને એક અંદાજા પર પેદા કરી છે. [૧૩] (અલ્ કમર : ૪૯).

૪- સંભાળ માર્ગદર્શિકા:

તે એ છે કે સૃષ્ટિને માનવજાતના ફાયદા માટે સંપૂર્ણપણે યોગ્ય બનાવવામાં આવી છે, અને આ પુરાવો સુંદરતા અને ઇલાહની દયાના લક્ષણોના કારણે છે.

અલ્લાહ તે છે, જેણે આકાશો અને ધરતીનું સર્જન કર્યું અને આકાશો માંથી વરસાદ વરસાવી તેના દ્વારા તમારી રોજી માટે ફળ ઉપજાવ્યા અને હોડીઓને તમારા વશમાં કરી દીધી છે, જે સમુદ્રોમાં તેના આદેશથી ચાલે છે, તેણે જ નહેરોને પણ તમારી હેઠળ કરી દીધી છે. [૧૪] (ઈબ્રાહીમ: ૩૨).

૫- આધીન (તાબેદાર) કરવા અને વ્યવસ્થાની દલીલ:

તેનો સંબંધ મહાનતા અને ઇલાહની કુદરત સાથે ખાસ છે.

તેણે જ ઢોરોનું (પણ) સર્જન કર્યું, જેમાંથી કેટલાક (ના ચામડાથી ગરમ કપડાં) તૈયાર કરો છો અને બીજા ઘણા ફાયદોઓનો લાભ તમે ઉઠાવો છો અને કેટલાકને તમે ખાઓ પણ છો. (૫) અને તેમાં તમારી ખૂબસૂરતી પણ છે, જયારે ચરાવી લાવો ત્યારે પણ અને જયારે ચરવા માટે લઇ જાવ ત્યારે પણ. (૬) (અને તે ઢોરો) તમારા માલ સામાન તે શહેરો સુધી લઇ જાય છે, જ્યાં તમે કષ્ટ વિના પહોંચી નથી શકતા, નિ:શંક તમારો પાલનહાર ઘણો જ માયાળુ અને અત્યંત દયાળુ છે. (૭) તેણે ઘોડા, ખચ્ચર અને ગધેડા પણ પેદા કર્યા, જેથી તમે તેમનો સવારી માટે ઉપયોગ કરી શકો, અને તે તમારા માટે શણગારનું કારણ પણ છે, અને તે બીજી ઘણી વસ્તુઓનું સર્જન કરે છે જેનું તમને જ્ઞાન પણ નથી. [૧૫] (અન્ નહલ: ૫-૮).

૬- વૈયક્તિકરણ માર્ગદર્શિકા:

તેનો અર્થ એ છે કે આપણે બ્રહ્માંડમાં જે જોઈએ છીએ તે ઘણા સ્વરૂપોમાં હોઈ શકે છે, પરંતુ મહાન સર્જકે તેનું શ્રેષ્ઠ સ્વરૂપ પસંદ કર્યું છે.

હા એ તો જણાવો કે જે પાણી તમે પીવો છો, (૬૮) તેને વાદળો માંથી તમે જ ઉતારો છો અથવા તો અમે ઉતારીએ છીએ? (૬૯) જો અમારી ઇચ્છા હોય તો અમે તેને કડવું બનાવી દઇએ. પછી તમે અમારો આભાર કેમ નથી માનતા? [૧૬] (અલ્ વાકીઆ: ૬૮-૭૦).

શું તમે જોતા નથી કે તમારો પાલનહાર છાંયડાને કેવી રીતે ફેંલાવી દે છે ? જો તે ઇચ્છતો તો તેને

રોકી લેતો, પછી અમે સૂર્યને તેના પર પુરાવા રૂપે રાખ્યો. [૧૭] (અલ્ ફુરકાન: ૪૫).

કુરઆનમાં સૃષ્ટિનું સર્જન તેના અસ્તિત્વનું વર્ણન અને તેને સમજૂતી સ્પષ્ટતા સાથે વર્ણન કરવામાં આવી છે [૧૮]: The Divine Reality: God, Islam & The Mirage of Atheism..Hamza Andreas Tzortzi

શું આ લોકો કોઇ સર્જન કરનાર વગર જાતે જ પેદા થઇ ગયા છે? અથવા તો આ પોતે સર્જન કરનારા છે? (૩૫) શું આકાશો અને ધરતીને તે લોકોએ પેદા કર્યા છે ? સાચી વાત એ છે કે તેઓ (અલ્લાહની કુદરત પર) યકીન જ નથી રાખતા. (૩૬) અથવા શું તેમની પાસે તારા પાલનહારના ખજાના છે ? અથવા (તે ખજાનાના) દેખરેખ રાખનાર છે. [૧૯] (અત્ તૂર: ૩૫-૩૭).

શું આ લોકો કોઇ સર્જક વગર જ જાતે પેદા થઇ ગયા છે:

આ ઘણા બધા કુદરતી નિયમોનો અસંગત કરે છે, જે આપણે આપણી આસપાસ જોઈએ છીએ, એક સરળ ઉદાહરણ માટે, જેમ કે એમ કહેવું કે ઇજિપ્તના પિરામિડ આ શક્યતાને રદિયોનું ખંડન કરે છે.

અથવા તો આ પોતે જ સર્જન કરનારા છે:

સ્વ રચના: શું સૃષ્ટિ પોતે જ બનાવવા માટે સક્ષમ હોઈ શકે ખરી? "મખલુક" શબ્દ એવી વસ્તુનો ઉલ્લેખ કરે છે જે અસ્તિત્વમાં ન હતી અને તેને અસ્તિત્વમાં લાવવામા આવી, સ્વ-રચના એ તાર્કિક અને વ્યવહારુ અશક્યતા છે, અને આ એ હકીકત સાબિત કરે છે કે સ્વ-રચના એટલે કે કંઈક અસ્તિત્વમાં છે અને તે જ સમયે તે અસ્તિત્વમાં નથી, અને આ વાત તદ્દન અશક્ય છે, અને માણસે પોતે જ પોતાનું સર્જન કર્યું એનો અર્થ એ છે કે તે અસ્તિત્વમાં આવ્યો તે આ પહેલાં અસ્તિત્વમાં હતો!

જયારે કેટલાક શંકાસ્પદ લોકો કહે છે અને એક-કોષીય સજીવોમાં સ્વ-રચનાની સંભાવના પર ભાર મૂકે છે, સૌ પ્રથમ, એવું માની લેવું જોઈએ કે આ ચર્ચાને વધારવા માટે પ્રથમ કોષ અસ્તિત્વમાં છે, અને જો આપણે આ કહેવત ધારી લઈએ, તો આ સ્વ-નિર્માણ નથી, પરંતુ પ્રજનન (અલૈંગિક પ્રજનન) ની પદ્ધતિ છે, જેના દ્વારા સંતાન એક સજીવમાંથી ઉદભવે છે, અને માત્ર તે માતાપિતાની આનુવંશિક સામગ્રીને વારસામાં મળે છે.

ઘણા લોકોને જયારે તમે સવાલ કરો છો કે તમને કોણે બનાવ્યા છે તો તેઓ સ્પષ્ટ જવાબ આપે છે: મારા માતાપિતાએ, તેઓ જીવનમાં મારા અસ્તિત્વનું કારણ છે, તે સ્પષ્ટ છે કે તે એક સંક્ષિપ્ત જવાબ છે, અને આ સવાલથી છુટકારો પામવા માટે જવાબ આપતા હોય છે, વ્યક્તિનો સ્વભાવમાં છે કે તે ઊંડો વિચાર અને ઠોસ પ્રયત્ન કરવા માંગતો નથી, કારણ કે તે જાણે છે કે તેના માતાપિતા મૃત્યુ પામશે, અને તે બાકી રહેશે અને તેના સંતાનો તેની પાછળ આ પ્રમાણે જ જવાબ આપશે, અને તે જાણે છે કે તેના બાળકોના સર્જનમાં તેનો કોઈ હાથ નથી, ખરો પ્રશ્ન એ છે કે માનવ

જાતિની રચના કોણે કરી?

અથવા તેઓએ આકાશ અને જમીનનું સર્જન કર્યું છે?

અને એવું કોઈ નથી જેણે આકાશ અને પૃથ્વીનું સર્જન કરવાનો દાવો કર્યો હોય, સિવાય કે તે એક વ્યવસ્થાપકે અને તે એકલા સર્જનહારે જે અલ્લાહ છે, જેણે આ સત્યતા જાહેર કરી હોય, જયારે તેણે તેના પયગંબરોને માનવતા માટે મોકલ્યા હતા, સત્ય વાત એ છે કે તે જ સર્જનહાર છે, તે જ પ્રથમ પેદા કરનાર છે અને તે જ આકાશ અને જમીન અને તેની વચ્ચેની દરેક વસ્તુનો માલિક છે, તેનો કોઈ ભાગીદાર નથી અને તેની કોઈ સંતાન નથી.

(હે નબી! ) કહી દો કે જે લોકોને અલ્લાહ સિવાય તમે ઇલાહ સમજી રહ્યા છો, તેમને પોકારી જોઈ લો, તેમના માંથી કોઇ આકાશો અને ધરતી માંથી એક કણ બરાબર પણ અધિકાર નથી ધરાવતા , ન તો તેમાં તે લોકોનો કોઇ ભાગ છે, ન તો તેમના માંથી કોઇ અલ્લાહની મદદ કરે છે. [૨૦] (સબા: ૨૨).

અમે અહી એક ઉદાહરણ આપી શકીએ છીએ, જયારે કોઈ સાર્વજનિક સ્થળે બેગ મળે, અને એક વ્યક્તિ એવો દાવો કરે છે કે તે બેગનો માલિક છે, જે બેગની વિશિષ્ટતાઓ અને તે બેગમાં જે કંઈ પણ છે, તેની પણ વિશિષ્ટતાઓ રજૂ કરે છે, તે સાબિત કરવા માટે કે તે બેગ તેની જ છે, આ ઉદાહરણમાં તે બેગ પર તેનો અધિકાર બની જાય છે, જયાં સુધી કે તેના સિવાય કોઈ અન્ય વ્યક્તિ તે બેગનો દાવો ન કરે કે તે બેગ મારી છે, અને આ માનવીય કાયદા અનુસાર છે.

સર્જકનું અસ્તિત્વ:

આ બધું આપણને અનિવાર્ય જવાબ તરફ દોરી જાય છે, કે સર્જકનું અસ્તિત્વ છે, વિચિત્ર વાત એ છે કે વ્યક્તિ હંમેશા ઘણી એવી શક્યતાઓને ધારણ કરવાનો પ્રયાસ કરે છે જે શક્યતાથી દૂર હોય છે, જાણે કે આ શક્યતા કંઈક કાલ્પનિક છે જેને બાકાત રાખવામાં આવે છે અને તેને માની શકાય કે ચકાસી શકાય નહી. જો આપણે પ્રામાણિક અને ન્યાયી વલણ અપનાવીશું, અને એક આંતરદૃષ્ટિપૂર્ણ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિચાર કરીશું તો આપણે એ હકીકત સુધી પહોંચીશું કે સર્જનહાર ઇલાહને ઘેરી ન શકાય, કારણ કે તે એક જ છે જેણે સમગ્ર બ્રહ્માંડનું સર્જન કર્યું છે, તેથી તેનો સાર માનવ સમજની બહાર હોવો જરૂરી છે, એવું માનવું તાર્કિક છે કે આ અદ્રશ્ય શક્તિ તેના અસ્તિત્વને ચકાસવા માટે સરળ નથી, અને આ શક્તિ એવી રીતે પ્રગટ થવી જોઈએ જે તે માનવીય અનુભૂતિ માટે યોગ્ય હોય, અને માણસે ખાતરી કરવી જોઈએ કે આ અદ્રશ્ય શક્તિ એક હકીકત છે, જેનું અસ્તિત્વ છે અને અને આ અસ્તિત્વના રહસ્યને સમજાવવા માટે આ છેલ્લી અને બાકી રહેલી સંભાવનાની નિશ્ચિતતામાંથી કોઈ છૂટકો નથી.

બસ ! તમે અલ્લાહ તરફ દોડો ભાગો, નિ:શંક હું તમને તેના તરફથી ખુલ્લે ખુલ્લી ચેતવણી આપનારો છું [૨૧] (અઝ્ ઝારિયાત: ૫૦).

જો આપણે કાયમી ભલાઈ, નેઅમતો અને હંમેશા માટેનું ઘર (જન્નત) ઇચ્છતા હોય તો આપણે સર્જનહાર ઇલાહ પર ઈમાન લાવવું પડશે અને તેનો સ્વીકાર કરવો પડશે.

---

ઇસ્લામ વિશે સવાલ અને જવાબ

Source: https://the-faith.com/qa/gu/show/5/

Arabic Source: https://the-faith.com/qa/ar/show/5/

Monday 1st of June 2026 09:30:06 PM

النجاة الخيرية
ALNAJAT CHARITY

الدعوة الإلكترونية
@EDCkwt